# ગઝલના ગોખલે

– નીલેશ પટેલ

**.1.**

આમ રોજે-રોજ ચીન્તામાં હતો,
જ્યારથી સમ્બન્ધ ચર્ચામાં હતો.

ફુલ કોણે, ક્યારે તોડ્યું શી ખબર ?
હાથ મારો ત્યારે ખીસ્સામાં હતો.

ઘર સુધી રસ્તો બતાવ્યો’તો મને,
એ જ માણસ સાંજે ફોટામાં હતો.

આવ મારો છાંયડો ઓઢાડી દઉં,
હું ભલેને ઉભો તડકામાં હતો !

મીઠું પાણી પીને પણ ખારાશ છે,
ક્યાં ફરક આંસુ ને દરીયામાં હતો.

છાપાની જેમ જ તું વાંચી લે મને,
રોજ બનતી તાજ્જી ઘટનામાં હતો.

જોઉં દરીયો કે ડુબાડે માછલી,
બેઠો સાબીત કરવા નૌકામાં હતો.

**.2.**

એ જ દીવસે ચુલો સળગાવ્યો હતો,
બારણે ભીખારી પણ આવ્યો હતો.

આજ સાબીત કર તું મારા પ્રેમને,
હૈયું ચીરી હાથ પર લાવ્યો હતો.

મેં મદદ તમને કરી તો શું થયું..?
દીવો દીવાથી જ પ્રગટાવ્યો હતો.

તાવડી પર રોટલી શેકાય છે,
એ રીતે ભુતકાળ ઉથલાવ્યો હતો.

કેમ માણસ ના ઉગે ધરતી ઉપર ?
એક દાણા જેમ દફનાવ્યો હતો.

ચંદ્ર નાહી ધોઈને આવી જશે,
એમ સમજી દીવો ઓલાવ્યો હતો.

શું કરું વરસાદમાં ભીનો થઈ ?
આંસુએ હમણાં જ નવડાવ્યો હતો.

**.3.**

બે-ચાર વાંચ્યા સમાચાર કોઈ છાપામાં,
પતંગ જેમ ચગી અફવા શ્હેર આખામાં.

ઘણા પ્રયત્ન પછી પણ વીચાર ના આવે,
હવે તું પોતે જ નીર્ણય લે આ સમસ્યામાં.

બધાએ ખુબ મહેનત કરી’તી ખેતરમાં,
અનાજ માત્ર સમાઈ ગયું આ ગાડામાં.

તને જ જોવા હવે આંસુ બ્હાર આવે છે,
જરા નીહાળ, છે સૌંદર્ય એવું ચહેરામાં.

બધા જ જાણે લખીને થઈ ગયા સર્જક,

ઘણાં ચબરખી લઈને ફરે છે ખીસ્સામાં.

**.4.**

અહીં અન્યાય સામે આંગળી જે પણ ઉઠાવે છે,

બધા જાહેરમાં ચર્ચાનો એ હીસ્સો બનાવે છે.

તને તારા જ ઘરમાં ના ગમ્યું એનું કારણ શું છે ?

પરંતુ, એ જ ઘરમાં ચકલી તો માળો બનાવે છે !.

હૃદયમાં માણસો કેવો ઝનુની ભાવ રાખે છે !

તુટેલા આયનાને એના ટુકડા બતાવે છે !

અહીં અજવાસમાં તો દોસ્ત પડછાયો નજીક રહેશે,

જે રીતે રુપીયા જોઈને સુખમાં મીત્રો આવે છે.

તરસ એવી છે કે પી નાંખુ હું આંખો નીચોવીને,

મેં પાણી માંગ્યું તો એ માટલું ખાલી બતાવે છે.

**.5.**

સુર્યનું પહેલું કીરણ ધરતીની કાયાને અડે,

સીમ, ખેતર ને બગીચે ફુલની નીંદર ઉડે.

ઝુલ્ફને પસવારતી બારીએ તું ઉભી રહે,

બ્હાર જોજે વાયરાને કેટલી મસ્તી ચડે !

તું જ ન્યાયાધીશ થઈને એ સમસ્યાને ઉકેલ,

ભીતરે અભીમાન ને સત્તા નસેનસમાં લડે.

એ હકીકત છે, તને સમજાવું કઈ રીતે હવે ?
હોય તારું સ્વપ્ન તો આ રાત પણ ટુંકી પડે.

નામનાનો કીમતી સરતાજ ક્યાંથી લાવશો,
પારીતોષીક તો અજાણ્યા નામને પણ સાંપડે !

**.6.**

વરસાદ છેડછાડ કરે તારા અંગને,
રોકી બતાવ તું હવે એના ઉમંગને.

બહુ ચીત્રો દોર્યા, એમાં હવે જીવ પણ પુરો,
સહુએ વીષય પ્રમાણે પુરી નાખ્યા રંગને.

બસ, તો તો પગ ઝબોળ્યા કીનારે ઉભા રહી,
મસ્તી ચડી છે જળના ઉછળતા તરંગને.

આકાશમાં પતંગ કે ઉંચે અહમ્ ગયો,
એ પ્રશ્નનો જવાબ પુછી જો પતંગને.

લશ્કરમાં દીકરાને લખ્યું માએ પત્રમાં,
છાતી વીંધાય તોય લડી લેજે જંગને.

તું દરીયા જેટલું લખે લાંબુ લચક ભલે,
નાની ગઝલમાં હું લખું સઘળા પ્રસંગને.

બસ, આપણે અજાણી સડક અંગે પુછયું’તું,
કોણે દીશા બતાવી છે ઉડતા વીહંગને..?

**.7.**

પાંદડું નાજુક ખર્યું ને અફવા ફેલાઈ ગઈ,
કે હવા કહેતી ફરી, પતઝડ મને દેખાઈ ગઈ.

જેટલી સહુની ત્વચામાં રક્તની નસ હોય છે,
એટલી  શ્હેરમાં ચોતરફ સડક બંધાઈ ગઈ.

એક દહાડો કૈંક ઘરની બ્હાર એ ચાલી ગઈ,
આયનામાં ત્યારથી હડતાલ પણ મંડાઈ ગઈ.

કેટલો વરસાદ વરસ્યો આજ સઘળે શ્હેરમાં,
રંગ ભીંતો પરથી હટતા કાંકરી દેખાઈ ગઈ.

ચીત્ર પણ પ્રત્યક્ષ ના આકાશનું દોરી શક્યો,
સહેજ લીટી હું ભુંસું ને વાદળી ફંટાઈ ગઈ.

આંગળીમાં આપણે વીંટી પહેરી’તી અહીં,
ઝાડને પણ એમ ફરતે વેલીઓ વીંટાઈ ગઈ.

**.8.**

કુવાની પાળ પર બેસીને પંખી વીચારે છે,
ખરેખર કુવા કે આકાશમાં પાણી વધારે છે!

ખુશામતખોર ભાષા પર સરસ ફાવટ ધરાવે છે,
ઘણા તો ફુંક મારીને સુંવાળો ડંખ મારે છે.

અમીરો આભના રંગોની માફક વસ્ત્ર  બદલે છે,
અમારે દોસ્ત, બે કપડાંની જોડી પણ વધારે છે.

સરસ રસ્તા, લગોલગ પ્લોટની કીમ્મત વધુ લેવા,
ઉભાં વૃક્ષોને માલીક કાપણી કરવાનું ધારે છે.

ઉંચા પર્વતને છેદીને સડક પણ ના થઈ ‘નીલેશ’,
શીખર પર ઝાડ એનાં મુળીયાં પથ્થરમાં ઉતારે છે.

**.9.**

તમામ ઝંખના કાગળ પર ઉતારી છે,
ગઝલને વાંચો, ન વાંચો સમજ તમારી છે.

કહી દો આંસુને મોટી છલાંગ ન મારે,
બીચારી આંખની નાનીસુની જ ક્યારી છે.

જબાન પર હતા સહુના વીરોધનાં વાદળ,
પરંતુ લખતા રહ્યા એ જ તો ખુમારી છે.

તું તારા ઘરથી કદમ બે જ ચાલજે આગળ,
પછી જે આવશે બસ, એ ગલી અમારી છે.

કદાચ અમારી  ગઝલોમાં બહુ કચાશ હશે,
ઘણાની નબળી ગઝલ પણ અમે મઠારી છે.

ગગનમાં ગાબડું કરવું એ સહેલું કામ નથી,
કે તરસ્યા પંખીએ વાદળમાં ચાંચ મારી છે.

ભલે અમીર હશે કે ગરીબ માણસ પછી,
બધાનાં ઘરમાં જરુર પુરતી પથારી છે.

**.10.**

ટોચ પરથી એક ઝરણું ખીણમાં પટકાયું છે,
એ રીતે વરસાદથી ધરતી પર ઉતરાયું છે.

આપણી તો પર્યટન માટે જ ચીંતા હોય છે,

આપણાથી ખુદનું પુરું ક્યાં નગર જોવાયું છે !

એક માણસ છળ કરે એમાં નવાઈ શી હવે..?

દોસ્ત, ઘરની બ્હાર જા, આખું જગત બદલાયું છે.

આયના, મારું હવે પ્રતીબીંબ પાછું આપી દે,

તારી તો નાજુક ત્વચામાં મારું દીલ સચવાયું છે.

માત્ર તારી ભેટ સોગાતો હજી એવી રહી,

પણ જીવનમાં તો ઘણું સમયાંતરે બદલાયું છે.

ડાળને પંખીઓ ધકકો મારીને ઉડી ગયાં,

ઝાડ તો 'નીલેશ' એના સ્થાન પર સચવાયું છે.

**--નીલેશ પટેલ--**

કવીશ્રી નીલેશ પટેલ સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના નાનકડા એવા પરીઆ ગામે ગઝલની ધુણી ધખાવીને બેઠા છે. ધંધો સંભાળવા સાથે પોતાના પ્રથમ ગઝલસંગ્રહની પણ તૈયારી કરી રહ્યા છે.

કવી સંપર્ક: શ્રી કલ્યાણ ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુકામ: પરીઆ, પોસ્ટ: સાયણ, તાલુકે: ઓલપાડ, જીલ્લે: સુરત પીન: 394 130 મોબાઈલ: 99096 32291

ઈ–મેઈલ : nilesh.patel82@ymail.com

'સન્ડે –મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ સાતમું - અંક : 232 – December 04, 2011

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@@@